આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખઃ-22-11-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# 11મી ચિંતન શિબિરનો બીજો દિવસ

સોમનાથ સ્થિત રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરનો આજે બીજો દિવસ છે. સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે એ.આઈ. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમતા ટેક્નોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શક સત્ર યોજાયુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સત્રમાં સરકારના અભિયાનો વધુ અસરકારક બનાવવા એ.આઈ. ટેક્નોલોજી અસરકારક બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યને એ.આઈ. આદર્શ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા હાલ થઈ રહેલી કામગીરી અંગેની ચર્ચા સત્રમાં થઇ હતી.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## નગરપાલિકામાં ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ

રાજ્યનાં ચૂંટણી આયોગે 79 નગરપાલિકામાં ચૂંટણી યોજવા ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરી છે. એક સપ્તાહમાં મતદાર મંડળો અને વોર્ડ અનુસાર મતદાર યાદી પ્રસિદ્ધ થશે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ જી.સી. બ્રહ્મભટ્ટે નગરપાલિકાના ચૂંટણી અધિકારીઓની સાથે સાથે જ્યાં પેટાચૂંટણી યોજાવાની છે તે 15 નગરપાલિકાઓમાં પણ ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારીથી લઇને નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને પુરવઠા અધિકારીઓની નિયુક્તિ કરી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં દોઢ બે વર્ષથી પાલિકા-પંચાયતની ચૂંટણી સ્થગિત છે.

**RNU અમદાવાદ**

---

## વર્ષની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલત

આગામી 14મી ડિસેમ્બરે તમામ અદાલતોમાં વર્ષની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

આ અદાલતમાં નાગરિકો મોટર અકસ્માત હેઠળ વળતર કેસો, લેબર અદાલતના સમાધાનપાત્ર કેસો, જમીનને લગતા, મિલકતોને લગતા, પાર્ટીશનને લગતા પેન્ડીંગ કેસો મૂકી શકશે. નાગરિકોને તેનો લાભ લેવા તેમજ લોક અદાલતમાં કેસ મુકાવવા માટે તાલુકા કાનુની સેવા સમિતિનો 11મી ડિસેમ્બર સુધીમાં સંપર્ક કરવા જણાવાયું છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

# મતદારયાદી સુધારણા ખાસ ઝુંબેશ

ચૂંટણીપંચની સુચના મુજબ જિલ્લામાં આગામી પહેલી જાન્યુઆરી 2025ની લાયકાતની તારીખના સંદર્ભમાં સંકલિત મુસદ્દા મતદારયાદી ગત ૨૯મી ઓકટોબર ૨૦૨૪ના પ્રસિદ્ધ કરાયેલ છે. અને સુધારણા કાર્યક્રમ આગામી ૨૮મી નવેમ્બર સુધી હાથ ધરવામાં આવેલ છે. મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન મતદારયાદીમાં નામ નોધાવવા ઉપરાંત મતદાર યાદીમાં રહેલ ક્ષતિઓસુધારવાની તથા નામ કમી કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત આવતીકાલે તેમજ 24મી રવિવારે ખાસ ઝુંબેશ હાથ ધરાશે. જેથી જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન નામ નોધાવવા તેમજ મતદાર યાદીમાં કોઇ સુધારો હોય તો સુધારો કરાવી લેવા જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા કલેકટર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

મા.ખા

---

## જિલ્લામાં રવિપાકનું વાવેતર

જિલ્લામાં સામાન્ય રીતે નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી શિયાળુ પાકનું વાવેતર થતું હોય છે. પરંતુ આ વર્ષે રવિપાકની સીઝન એક પખવાડિયું મોડી શરૂ થઈ છે. જિલ્લામાં ગઈકાલ સુધી ૪૪ હજાર ૮૨૯ હેકટર વિસ્તારમાં રવિપાકનું વાવેતર થયું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર રાપર તાલુકો ૨૨ હજાર ૭૫ હેકટર વિસ્તારમાં રવિપાકના વાવેતર સાથે મોખરે રહ્યો છે. જયારે ગાંધીધામ અને લખપત તાલુકામાં સૌથી ઓછું વાવેતર કરાયું છે. તાલુકા વાર વાવેતર જોઈએ તો ભુજ તાલુકામાં 6 હજાર 252 હેકટર, ભચાઉ 5 હજાર 230, અબડાસા 3 હજાર 972, માંડવી 2 હજાર 415, નખત્રાણા 2 હજાર 310, અંજાર 1 હજાર 625, મુંદરા 490, લખપત 340 અને ગાંધીધામમાં 120 હેકટર વિસ્તારમાં વાવેતર કરાયું છે. જિલ્લામાં ખેડૂતોએ રવિપાકમાં રાયડો અને જીરૂંને પ્રાધાન્ય આપ્યું છે. આ ઉપરાંત ખેડૂતોએ શિયાળુ પાકમાં ચણા, ધાણા, ઈસબગુલ, વરિયાળી, અજમો વગેરે પાકોનું પણ વાવેતર કર્યું છે. જિલ્લામાં હાલે વાતાવરણીય વિષમતા જોવા મળી રહી છે. ત્યારે મહતમ ઉષ્ણતામાન વધુ ઘટાડો થયા બાદ રવિપાકનું વાવેતર વધશે તેવું કૃષિકારો જણાવી રહ્યા છે.

**N.P**

---------------------------------------------------------------

## મિશ્ર હવામાન

દેશના ઉત્તરીય ભાગમાં થઈ રહેલી હિમવર્ષાની અસર હેઠળ જિલ્લામાં ઉત્તરાદા ઠંડા પવનોને કારણે ઠાર વધ્યો છે.

રાજ્યમાં ગોધરા ૧૧.૯ ડિગ્રી લઘુતમ ઉષ્ણતામાન સાથે સૌથી શીત મથક બન્યું હતું. જયારે પશ્ચિમ કચ્છના નલિયામાં આજે ઉષ્ણતામાન ૧૨.૨ ડિગ્રીએ પહોચતા રાજયમાં બીજા ક્રમે ઠંડુ મથક બન્યું હતું. જિલ્લામાં મોડી સાંજથી સવાર સુધી ઠંડકની અસર વર્તાઈ રહી છે.

જિલ્લામાં ઠંડીની પક્કડ ક્રમશઃ મજબૂત બની રહી છે. જો કે, લઘુતમ ઉષ્ણતામાનની સરખામણીએ મહતમ ઉષ્ણતામાનમાં ખાસ ઘટાડો ન થતાં વાતાવરણીય વિષમતા વધી છે. જિલ્લા મથક ભુજમાં ન્યુનતમ ઉષ્ણતામાનમાં ૧૬.૩, કંડલામાં ૧૮ ડિગ્રી ન્યુનતમ ઉષ્ણતામાનમાં નોંધાયું હતું.

**N.P**

---

## ભચાઉ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર શરૂ

ભચાઉ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. ખેડુતો અને વેપારીઓની અસુવિધાઓને દુર કરાશે તેવું આ તકે જણાવ્યું હતું. જેમાં 300 જેટલા ખેડુતોએ નોંધણી કરાવી છે.

**N.P**

---

DNN BHUJ